# ભાજપ વહેલી ચૂંટણી માટે પણ તૈયાર

નવી દિલ્હી,તા. ૮

ભાજપે તાકિદની ચૂંટણી માટેની તૈયારી કરી લીધી છે. વ્યૂહરચના ઘડી કાઢવા માટેની યોજાયેલી બેઠક બાદ ભાજપે જાહેરાત કરતા જણાવ્યું હતુ કે કોંગ્રેસ પાર્ટી ભારે દબાણ હેઠળ છે. ભાજપના જનરલ સેક્રેટરી અનંતકુમારે પત્રકારો સાથે વાતચીત કરતા જણાવ્યું હતુ કે શાસક કોંગ્રેસ પાર્ટી સાથી પક્ષો તરફથી ભારે દબાણ હેઠળ છે. તાકીદે અથવા તો વહેલી તકે ચૂંટણીની દિશામાં પણ આગળ વધી શકે છે. રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં પત્રકાર પરિષદમાં બોલતા અનંતકુમારે કહ્યુ હતુ કે કોંગ્રેસ અને યુપીએ ભારે દબાણ હેઠળ છે. તેમાં ભંગાણની સ્થિતિ થઈ છે. સંસદ અથવા દેશનો સામનો કરવાની સ્થિતિમાં નથી. ચૂંટણીમાં ભાજપની રૂપરેખા શું રહેશે તે અંગે પુછવામાં આવતા ભાજપના વરિષ્ઠ નેતાએ કહ્યુ હતુકે પક્ષ ભ્રષ્ટાચાર, આર્થિકનીતિઓ, વધતીજતી ચીજવસ્તુઓની કિંમતો અને તમામ મોરચે સરકારની નિષ્ફળતાના મુદ્દા પર ચૂંટણી લડશે. ભાજપ સંપૂર્ણપણે ચૂંટણીના મૂડમાં છે. દેશમાં ૧૦૦થી વધુ રાજકીય રેલીઓ ભાજપ દ્વારા કરવામાં આવશે. ભાજપની સંસદીય બોર્ડની બેઠક બાદ પત્રકારો સાથે વાતચીત

**ભાજપની કેવી તૈયારી**

- લોકસભાની ચૂંટણી માટે ભાજપની આક્રમક નીતિ રહેશે
- ચૂંટણી માટેની રૂપરેખા તૈયાર કરાઈ
- ભ્રષ્ટાચાર, આર્થિકનીતિ, ભાવ વધારા જેવા મુદ્દાઓ આક્રમકરીતે ઉઠાવાશે
- દેશભરમાં ૧૦૦ જેટલી રાજકીય રેલીઓ યોજવાનું પણ આયોજન
- ચૂંટણી માટે ભાજપે બે વ્યૂહરચના તૈયાર કરી છે જે પૈકીની પ્રથમ રાજકીય રેલી માટે રહેશે
- બંને વ્યૂહરચના માટે અસરકારકતા સંદર્ભમાં જુદી જુદી કમિટિઓ બનાવાશે
- પક્ષપ્રમુખ રાજનાથસિંહ અને ચૂંટણી પ્રચાર સમિતિના વડા નરેન્દ્ર મોદી વ્યૂહરચનાને આખરી ઓપ આપવા ભાજપના નેતાઓ સાથે બેઠક કરશે
- કોંગ્રેસ પાર્ટી દેશ અથવા સંસદનો સામનો કરવાની સ્થિતિમાં નહીં હોવાની નોંધ લઈને ભાજપ કોંગ્રેસ પર દબાણ વધારવાના મૂડમાં
- સારા સંચાલન અને વિકાસના મુદ્દાઓ પણ ચૂંટણીમાં ચગાવવાની તૈયારીઓ

કરતા તેમણે કહ્યુ હતુ કે દેશમાં વર્તમાન રાજકીય સ્થિતિ ઉપર



આજની બેઠકમાં ચર્ચા કરવામાં આવી હતી આ ઉપરાંત આગામી લોકસભાની ચૂંટણી માટે વ્યૂહરચના અને રૂપરેખા પર ચર્ચા થઈ હતી. આગામી લોકસભાની ચૂંટણી માટે ભાજપની વ્યૂહરચના પર પ્રકાશ ફેંકતા પક્ષના જનરલ સેક્રેટરીએ કહ્યુ હતુ કે અમારી બે વ્યૂહરચના છે. જે પૈકી એક દેશમાં રાજકીય રેલીઓની રહેશે. જ્યારે બીજી સંસ્થાકીય રહેશે. બંનો માટે વ્યૂહરચના તૈયાર કરવામાં આવી રહી છે. આના માટે ઘણી બધી કમીટીઓ બનાવવામાં આવનાર છે. પક્ષ પ્રમુખ રાજનાથસિંહ અને પક્ષની ચૂંટણી પ્રચાર સમિતિના વડા નરેન્દ્ર મોદી આ વ્યૂહરચના તૈયાર કરતા પહેલા ભાજપના ટોચના નેતાઓ સાથે વાતચીત કરશે. ખાદ્યાન્ન સુરક્ષાબિલના મુદ્દે કોંગ્રસની ઝાટકણી કાઢતા કુમારે કહ્યુ હતુ કે શાસક પાર્ટી સંસદમાં ચર્ચા માટે તૈયાર થઈ શકી નથી. ટેકો મળશે નહીં તેવી શંકા કોંગ્રેસને સતાવી રહી હતી. અનંતકુમારે કહ્યુ છે કે પક્ષના ચૂંટણી ઢંઢેરા માટે જુદી જુદી કમીટી રચાશે. યુપીએના એજન્ડા સામેચાર્જશીટ તૈયાર કરવામાં આવશે. આજે યોજાયેલી બેઠકમાં ચૂંટણી પ્રચાર સમિતિના વડા નરેન્દ્રમોદી, પક્ષપ્રમુખ રાજનાથસિંહ, એલકે અડવાણી, સુષ્માસ્વરાજ અને અરૂણજેટલી ઉપસ્થિત રહ્યા હતા. ભાજપ સંસદીય બોર્ડની બેઠકમાં અન્ય મુદ્દાઓ પર પણ ચર્ચા વિચારણા કરવામાં આવી હતી જેમાં બોધગયામાં થયેલા સિરિયલ બ્લાસ્ટના મુદ્દો પણ છવાયો હતો. આતંકવાદી મુદ્દા પર પણ ચર્ચા થઈ હોવાનું જાણવા મળ્યુ છે.

## આરબીઆઈના ગવર્નર પદ માટે રઘુરામ રાજન ફેવરિટ

નવી દિલ્હી,તા. ૮

સરકારના મુખ્ય આર્થિક સલાહકાર રઘુરામ રાજન રિઝર્વ બેંકના આગામી ગવર્નર બને તેવા સંકેત દેખાઈ રહ્યા છે. રઘુરામ રાજન આરબીઆઈ ગવર્નરના હોદ્દા માટે સૌથી પ્રબળ દાવેદાર તરીકે ઊભરી આવ્યા છે. હાલના આરબીઆઈના ગવર્નર ડી સુબ્બારાવની જગ્યાએ ગવર્નર કોણ બનશે તે અંગે કોઈ સત્તાવાર નિર્ણય કરવામાં આવ્યો નથી.



પરંતુ આઈએમએફના ભૂતપૂર્વ મુખ્ય અર્થશાસ્ત્રી અને હાલના સરકારના મુખ્ય સલાહકાર રાજન પ્રબળ દાવેદાર તરીકે દેખાઈ રહ્યા છે. નાણામંત્રી પી. ચિદમ્બરમના નજીકના સાથી તરીકે પણ રાજનને ગણવામાં આવે છે. બજારમાં પ્રવર્તી રહેલી નિરાશાને દૂર કરવાના હેતુસર તેમને મુખ્ય જવાબદારી સોંપવામાં આવી શકે છે. રઘુરામ રાજન અન્ય હરીફ કરતા આગળ દેખાઈ રહ્યા છે. ડી સુબ્બારાવ ૫મી સપ્ટેમ્બરના દિવસે નિવૃત્ત થઈ રહ્યા છે. આર્થિક અને નાણાંકીય વ્યવસ્થાને સમજવામાં નિષ્ણાંત એવા રાજન અન્ય ઘણી બધી નાણાંકીય બાબતોમાં પણ કુશળતા ધરાવે છે. હાલમાં પ્રવર્તી રહેલી અનિશ્ચિતતા જેવી વૈશ્વિક આર્થિક વ્યવસ્થામાં પણ તેમની નજર રહી છે. આ ઉપરાંત આરબીઆઈમાં કેટલાક નવા પાસાંઓને પણ અમલી બનાવી શકે છે. બેંક લાઈસન્સ માટે અરજીદારોના સ્વતંત્ર મતને પણ રાજન ધ્યાનમાં લઈ શકે છે. ૫૦ વર્ષના ભોપાલના રાજન આર્થિક મામલાઓમાં નિષ્ણાંત છે. ચિદમ્બરમ્‌ના વિશ્વાસુ હોવાથી તેમનો રસ્તો સરળ દેખાઈ રહ્યો છે. મુખ્ય આર્થિક સલાહકાર રઘુરામ રાજનને સરકાર તરફથી પણ મદદ મળી શકે છે. બીજી બાજુ આર્થિક બાબતોના સેક્રેટરી અરવિંદ માયારામને ફાઈનાન્સ સેક્રેટરી બનાવવામાં આવે તેવી શક્યતા છે.

## સિકંદરાબાદમાં એક હોટેલ તૂટી પડતા ૧૩ના મોત

સિકંદરાબાદ,તા. ૮

સિકંદરબાદમાં આજે સવારે બે માળની હોટલની ઈમારત ધારાશાયી થઈ જતાં ઓછામાં ઓછા ૧૩ લોકોના મોત થઈ ગયા છે અને અન્ય ૩૦ લોકો ઘાયલ થયા છે જે પૈકી કેટલાકની હાલત ગંભીર જણાવવામાં આવી છે. કાટમાળ હેઠળ ઘણા લોકો હજુ પણ ફસાયેલા હોવાનું જાણવા મળ્યું છે. હોટલ દુર્ઘટનાના મામલામાં તપાસનો આદેશ કરવામાં આવ્યો છે.

હૈદરાબાદના પોલીસ કમીશનર અનુરાગ શર્માએ માહિતી આપતા કહ્યું છે કે ૧૩ લોકોના મોત થયા છે. અન્ય ૩૦ લોકો ઘાયલ છે. ઈમારત ધારાશાયી થયા બાદ ભારે અફડાતફડી મચી ગઈ હતી. ફાયર બ્રિગેડ અને પોલીસની ટુકડી ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. આ બે માળની ઈમારત સિકંદરાબાદમાં આરપી રોડ ઉપર સ્થિત છે. બે માળની હોટલ સિટી લાઈટ ધરાશાયી થઈ ગયા બાદ તપાસ હાથ ધરવામાં આવી હતી. ગ્રેટર



હૈદરાબાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓ, પોલીસ, ફાયરબ્રિગેડના અધિકારીઓ, સીઆઈએસએફના જવાનો બચાવ અને રાહત કામગીરીમાં જોડાયા હતા. ફસાયેલા લોકોને બહાર કાઢવામાં આવ્યા હતા. ઈજાગ્રસ્ત લોકોને નજીકની હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. હૈદરાબાદ પોલીસના વડાનું કહેવુંછે કે સ્થળ ઉપર ચકાસણી કરવામાં આવી રહી છે. કેટલાક લોકો હોટલના કાટમાળ હેઠળ ફસાયેલા છે. બનાવની જાણ થયા બાદ જીએચએમસીના કમીશનર એમટી કૃષ્ણાબાબુનું કહેવું છે કે નજીકના વિસ્તારમાં જૂની ઈમારતોને પણ નોટિસ આપવામાં આવી ચૂકી છે. આ ઉપરાંત નજીકની ઈમારતોના માલિકોને પણ સાવધાન રહેવા સૂચના અપાઈ છે. સિકંદરાબાદમાં ઈમારત દુર્ઘટનાગ્રસ્ત થયા બાદ આ સંબંધમાં હૈદરાબાદના પોલીસ કમીશનરે માહિતી આપી હતી. તેમને કહ્યું હતું કે મૃતકોને બહાર કાઢી લેવામાં આવ્યા છે પરંતુ તેમની ઓળખ થઈ શકી નથી. કાટમાળ હેઠળ હજુ પણ કેટલાક લોકો ફસાયેલા છે. ઈમારત દુર્ઘટના મામલામાં બેદરકારી દાખલનાર સામે પગલાં લેવાની પણ વાત કરવામાં આવી છે. બનાવ સિકંદરાબાદના રાષ્ટ્રપતિ રોડ પર થયો હતો. મૃતકોમાં ચાર હોટલના કર્મચારીઓ અને બે ઓરિસ્સાના કર્મચારીઓ છે. બનાવ સવારે ૬ વાગ્યે બન્યો હતો. બનાવ બન્યો ત્યારે હોટલમાં ૩૦થી વધુ કર્મચારી હતા. કેટલાક લોકો ઈમારતની બહાર ચા પી રહ્યા હતા.

## હિમાચલમાં ભારે વરસાદથી એલર્ટ જાહેર

શિમલા,તા. ૮

હિમાચલ પ્રદેશમાં અતિ ભારે વરસાદના કારણે સામાન્ય જનજીવન સંપૂર્ણપણે ખોરવાઈ ગયું છે. સતત પડી રહેલા ભારે વરસાદના લીધે એલર્ટની પણ જાહેરાત કરવામાં આવી છે. બીજી બાજુ નદીના કિનારે રહેતા લોકોને સુરક્ષિત સ્થળોએ ખસેડવામાં આવ્યા છે. ભેખડો ધસી પડવાના પણ બનાવો બન્યા છે. મોટી નદીઓમાં પાણીની સપાટી ચિંતાજનક રીતે વધી ગઈ છે. ઘણા હાઈવેને બંધ કરી દેવામાં આવ્યા છે જેમાં મંડી-કુલ્લુ, મંડી-પાલમપુર, મંડી-શિમલા હાઈવેનો સમાવેશ થાય છે. ભેખડો ધસી પડવાના બનાવ બનતા આ માર્ગોને બંધ રાખવાની ફરજ પડી હતી. જ્યારે વરસાદના કારણે સોલાંગ નજીક પૂલ તણાઈ જવાના કારણે લોકોની હાલત કફોડી બની ગઈ હતી. મોટી ભેખડો પડવાના બનાવો પણ બન્યા છે. મંડીમાં હોસ્પિટલમાં પણ પાણી પહોંચી ગયા છે. ઘણા બધા વાહનો જે હોસ્પિટલના સંકુલમાં પાર્ક કરવામાં આવ્યા હતા તે પાણીમાં ડૂબી ગયા છે.

તમામ નદીઓ અને તેની સહાયક નદીઓમાં પાણીની સપાટી ચિંતાજનક રીતે વધતાં નદી કિનારે રહેતા લોકોને સુરક્ષિત સ્થળે ખસી જવા સૂચના આપવામાં આવી છે. યમુના નદીમાં પાણીની સપાટી સતત વધી રહી છે. જ્યારે વ્યાસ નદીમાં પણ પાણીની સપાટી વધી છે. ધરમશાળામાં સૌથી વધુ ૧૬૦ મિમી જેટલો વરસાદ નોંધાયો છે. જ્યારે પાલનપુરમાં ૧૫૦ મિમી જેટલો વરસાદ નોંધાયો છે. કાંગરા ખાતે ૭૫ મિમી જેટલો વરસાદ નોંધાયો છે.

## દુકાનો, વેપારી પેઢીઓ સંપૂર્ણપણે બંધ

## ભાજપ-આરજેડીના બંધથી જનજીવનને પ્રતિકૂળ અસર

બોધગયા,તા. ૮

બિહારના બોધગયામાં મહાબોધી મંદિર સંકુલ ખાતે થયેલા સિરિયલ બોમ્બ બ્લાસ્ટના એક દિવસ બાદ ભાજપ અને આરજેડી દ્વારા જુદી જુદી રીતે બંધની હાકલ કરી હતી જેના કારણે જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયુ હતુ. મંદિર શહેરમાં બ્લાસ્ટ થવા તરફ દોરી જનાર સુરક્ષા ખામીઓની સામે આ બંધની હાકલ કરવામાં આવી હતી. રાજ્ય સરકારની સુરક્ષા ખામી સામે બંધ દરમિયાન ભાજપ અને આરજેડીના કાર્યકરોએ જુદી જુદી રીતે બંધ પાળીને સરકાર પર દબાણ વધાર્યુ હતુ. ભાજપના કાર્યકરો સવારથી સાંજ સુધીના બંધ



દરમિયાન શેરીઓમાં નીકળી પડ્યા હતા અને દુકાનો અને વેપારી પેઢીઓને બંધ રાખવાની ફરજ પાડી હતી. કેટલીક જગ્યાઓએ કાર્યકરોની ઝપાઝપી પણ થઈ હતી. બંધના કારણે મંદિર શહેરમાં જનજીવન ખોરવાયુ હતુ કારણ કે માર્ગો સૂમસામ દેખાતા હતા. દુકાનો અને વેપારી પેઢીઓ બંધ રહી હતી.

સમગ્ર મગધ ડિવિઝનમાં ૧૨ કલાકના બંધની હાકલ આરજેડીના કાર્યકરો દ્વારા કરવામાં આવી હતી જેના કારણે વાહનો નજરે પડી રહ્યા ન હતા. ગયા, જેહાનાબાદ અને આસપાસના જિલ્લાઓમાં આરજેડીના કાર્યકરોએ વાહનોને રોક્યા હતા. દુકાનોને બંધ કરી દેવાની દુકાનદારોને ફરજ પાડી હતી. જેહાનાબાદમાં આરજેડીના સમર્થકોએ ટ્રેન સેવા ખોરવી નાંખવાના પ્રયાસો કર્યા હતા. બોધગયામાં સિરિયલ બ્લાસ્ટને રોકવામાં નિષ્ફળતા બદલ રાજયસરકાર સામે જોરદાર સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા.

## મહાબોધી મંદિરમાં ૧૩ બોમ્બ પ્લાન્ટ કરાયા હતા

તાલેગામ,તા. ૮

કેન્દ્રિય ગૃહપ્રધાન સુશીલકુમાર શિંદેએ આજે કહ્યુ હતુ કે બોધગયામાં મહાબોધી મંદિર સંકુલની અંદર કુલ ૧૩ બોમ્બ પ્લાન્ટ કરવામાં આવ્યા હતા જે પૈકી ૧૦ બોમ્બ બ્લાસ્ટ થયા હતા.

કેન્દ્રિય ગૃહપ્રધાન આજે તાલેગામ પહોંચ્યા હતા. પત્રકારો સાથે વાતચીત કરતા સુશીલકુમાર શિંદેએ કહ્યુ હતુ કે આજે તેમની પાસે ૧૦ બ્લાસ્ટની માહિતી આવી છે. કુલ ૧૩ બોમ્બ પ્લાન્ટ કરવામાં આવ્યા હતા. જ્યાં બોમ્બ પ્લાન્ટ કરવામાં આવ્યા હતા તે જગ્યાઓની ચકાસણી કરવામાં આવી હતી. પૂણેથી આશરે ૧૦૦ કિલોમીટરના અંતરે સ્થિત તાલેગામમાં રીઝર્વ પોલીસ ફોર્સની હોસ્પિટલના ઉદ્‌ઘાટનના ભાગરૂપે એક કાર્યક્રમમાં પહોંચેલા તેમણે કહ્યુ હતુ કે સુરક્ષાદળો દ્વારા તમામ પગલા લેવામાં આવી રહ્યા છે. તેમણે એમ પણ કહ્યુ હતુ કે ટૂંક સમયમાં જ શકમંદોને પકડી પાડવામાં આવશે. શિંદેના નિવેદનને મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. અત્રે ઉલ્લેખનીય છે કે ગઈકાલે બોધગયામાં નવ બ્લાસ્ટ થયા હતા. જેમાં બે લોકો ઘાયલ થયા હતા.

## સમાચાર ઝલક

- મહારાષ્ટ્રમાં પોલીસ સાથે અથડામણમાં ૬ નકસલીવાદીઓને ઠાર કરવામાં આવ્યા.
- હવે વૃદ્ધાશ્રમ નહીં પણ સિનિયર લીવીંગ હોમ ઇચ્છતા સિનિયર સિટીઝન.
- મેક્સિકોમાં જ્વાળામુખી ફાટતાં બે માઇલ ઊંચા રાખનાં ગોટેગોટા.
- પૂર્વ મિસ વર્લ્ડ અને અભિનેત્રી યુકતા મુખીએ પતિની સામે ફરિયાદ નોંધાવી.
- રાજયમાં સારા વરસાદને કારણે ૫૦ ટકા જમીનમાં વાવણી કરવામાં આવી.
- બુટલેગરે સવા માસમાં રૂા. ૩ કરોડનો દારૂ વેચી નાખ્યાનો ઘડાકો. પોલીસનું મૌન.
- બગોદરા લૂંટ પ્રકરણમાં સોના-ચાંદીની રૂા. ૧૧.૧૪ કરોડની ફરિયાદ નોંધાઇ નથી.
- આર્થિક મંદીને કારણે જાપાની કંપનીઓનો ભારતમાં પગપેસરો.
- ઉત્તરાખંડ : અતિ ભારે વરસાદથી ફરીથી વિકટ સમસ્યા.
- ૧૭ ટકા શહેરી ભારતીયો કિડનીનાં રોગથી પીડાય છે.
- ૧૦મીએ રથયાત્રા - મુખ્યમંત્રી નરેન્દ્રભાઇ મોદી સતત ૧૨મી વખત પહિંદવિધિ કરશે.
- અમદાવાદના જગન્નાથ મંદિર અને મંદિરની આજુબાજુ સખ્ત પહેરો.
- આજે સોમવતી અમાસ નિમિત્તે મહાદેવના મંદિરોમાં શ્રદ્ધાળુઓ ઉમટયા, અમાસની સાથે ચંદ્ર, સૂર્ય, મંગળ, બુધ, ગુરૂની યુતિ.
- અમદાવાદની રથયાત્રાનું નિરીક્ષણ ૨૦૦ ફૂટ ઊંચે 'યુએવી' કરશે.
- ઇજિપ્તમાં કેરોમાં સિવિલ વોરનો ભય, દેશમાં ઠેર-ઠેર તોફાનો ૩૦નાં મોત.
- દવાની અસરકારકતા - સલામતીની વિગતો આપવા કંપનીઓને આદેશ.
- રૂપિયાને સ્થિર રાખવા અને કંપનીમાં લેવાશે.
- ગવાર ગમની ૨ લાખ હેક્ટરમાં વાવણી થશે.
- સી.આઇ.એસ.એફ.ને ગયા મંદિરની સુરક્ષા સોંપાઇ.
- સિંકદરાબાદમાં બે માળની હોટલ ધરાશાયી ૧૧નાં મોત.

## સ્પેક્ટ્રમ ફાળવણી : વધુ સુનાવણી ૩૧મીએ થશે

નવી દિલ્હી,તા. ૮

ટુજી સ્પેક્ટ્રમ ફાળવણી કેસમાં ઉંડી તપાસ ચાલી રહી છે. દિલ્હીની કોર્ટે વધારાની ટુજી સ્પેક્ટ્રમ ફાળવણી કેસમાં વધુ સુનાવણી માટેની તારીખ ૩૧મી જુલાઈ નક્કી કરી છે.

આ કેસમાં ભારતીય સેલ્યુલરના સીએમડી સુનિલ મિત્તલ, એસ્સાર ગ્રુપના પ્રમોટર રવી રૂઈયા અને અન્યો સામે આરોપી તરીકે સમન્સ જારી કરવામાં આવી ચુક્યા છે. સ્પેશિયલ સીબીઆઈ જજ ઓપી સૈનીએ કાર્યવાહીને મોકુફ કરી દીધી હતી. અગાઉ મિત્તલ અને રૂઈયા તરફથી હાજર થયેલા વકીલોએ કોર્ટ સમક્ષ કહ્યુ હતુ કે આ મામલો સુપ્રીમ કોર્ટ સમક્ષ પેન્ડીંગ થયેલો છે. વકીલોએ એવી રજુઆત પણ કરી હતી કે સુપ્રીમ કોર્ટે ૨૬મી એપ્રિલના દિવસે તેના વચગાળાના આદેશમાં ટ્રાયલ કોર્ટની કાર્યવાહીને મોકુફ કરી દીધી હતી. ૧૯મી માર્ચના તેના આદેશમાં ખાસ અદાલતે આ કેસમાં આરોપી તરીકે તેમની સામે સમન્સ જારી કર્યા હતા.

## ભારત-શ્રીલંકા વચ્ચે આજે ખરાખરીનો રોચક જંગ થશે

જમૈકા,તા. ૮

વેસ્ટઇન્ડિઝમાં રમાઇ રહેલી ત્રિકોણિય શ્રેણી રોમાંચક દૌરમાં પહોંચી ગઇ છે. ફાઇનલમાં પહોંચવા માટે ભારતીય ટીમને મેચ ચોક્કસપણે જીતવી પડશે. આવતીકાલે મંગળવારના દિવસે ભારત અને શ્રીલંકા વચ્ચે જંગ ખેલાનાર છે. વેસ્ટઇન્ડિઝમાં ચાલી રહેલી ત્રિકોણિય શ્રેણીની ફાઇનલ મેચ ગુરુવારે યોજાનાર છે. ટુર્નામેન્ટના માત્ર બે મેચ બાકી રહી ગયા છે પરંતુ હજુ સુધી ચિત્ર સ્પષ્ટ થયુ નથી. ફાઇનલમાં કઇ બે ટીમો ટકરાશે તે બાબતને લઇને ચર્ચાનો દોર ચાલી રહ્યો છે. હાલમાં પોઇન્ટ ટેબલની વાત કરવામાં આવે તો વેસ્ટઇન્ડિઝ સૌથી મજબુત સ્થિતિમાં છે. ફાઇનલમાં ભારત અને શ્રીલંકામાંથી કઇ ટીમ પહોંચશે તેનો નિર્માણ આવતીકાલની મેચ પરથી થશે. જો કોઇ મોટી ઉથલપાથલ થશે તો ભારત અને શ્રીલંકા વચ્ચે પણ ફાઇનલ રમાઇ શકે છે.

વેસ્ટઇન્ડિઝ ને શ્રીલંકા વચ્ચે ગઇકાલે બાકી રહી ગયેલી મેચ આજે રમાઇ છે. આ મેચમાં જીત મેળવ્યા બાદ પણ શ્રીલંકાની ટીમ ફાઇનલમાં પહોંચવા માટે સંપૂર્ણપણે દાવેદાર બનશે નહીં કારણ કે ભારત સામે હાલની સ્થિતિમાં રનરેટના આધાર પર અંતિમ નિર્ણય થશે. વિરાટ કોહલીના નેતૃત્વમાં ટીમ ઇન્ડિયાને ફાઇનલમાં પહોંચવા માટે શ્રીલંકા સામેની મેચ મોટા અંતરથી જીતવી પડશે. વેસ્ટઇન્ડિઝે શ્રીલંકા સામે પોતાની પ્રથમ મેચ બોનસ પોઇન્ટ સાથે જીતી હતી. વિન્ડિઝે એક મેચ ભારત સામે પણ જીતી હતી. વેસ્ટઇન્ડિઝે ત્રણ પૈકી બે મેચોમાં જીત મેળવી છે અને તેના નવ પોઇન્ટ છે. પોઇન્ટ ટેબલમાં વિન્ડિઝ પ્રથમ ક્રમે છે. ભારત અને શ્રીલંકાના પાંચ-પાંચ પોઇન્ટ છે. આવી સ્થિતિમાં જો વિન્ડિઝના તરફેણમાં પોઇન્ટ નહીં જાય તો રોમાંચક સ્થિતિ સર્જાશે. ભારત શ્રીલંકા વચ્ચેની મેચમાં હારનાર ટીમના રનરેટ પર સીધી અસર થશે અને અંતિમ નિર્ણય રનરેટના આધાર પર કરવામાં આવશે.

## ઈન્ડિયન મુજાહીદીનના આગામી ટાર્ગેટ દિલ્હી-મુંબઈ હોઈ શકે છે

બોધગયા,તા. ૮

બોધગયામાં સિરિયલ બ્લાસ્ટ બાદ ઈન્ડિયન મુજાહીદીને મુંબઈ અને દિલ્હીમાં બ્લાસ્ટ કરવાની યોજના ઘડી કાઢી હોવાનું જાણવા મળી રહ્યું છે. દિલ્હીપોલીસના સ્પેશિયલ સેલ દ્વારા થોડાક સમય પહેલા ધરપકડ કરવામાં આવેલા ચાર શખસોએ તેમના આગામી ટાર્ગેટની વાત કર્યા બાદ હવે દિલ્હી અને મુંબઈસહિતના અન્ય શહેરો ઉપર સુરક્ષા વધારી દેવામાં આવી છે. બોધગયામાં બ્લાસ્ટ અને હૈદરાબાદમાં દિલસુખનગર બ્લાસ્ટ સહિત ઘણી જગ્યાઓએ બ્લાસ્ટની યોજના અગાઉ ઘડાઈ હતી. હૈદરાબાદ અને બૌદ્ધ મંદિરમાં બ્લાસ્ટ થયા બાદ હવે આઈએમના આગામી ટાર્ગેટ પૂછપરછમાં ખુલતાં તંત્રની નજર કેન્દ્રીત થઈ ગઈ છે. ગઈકાલે સવારે થયેલા શ્રેણીબદ્ધ બોમ્બ બ્લાસ્ટના મામલામાં ઊંડી તપાસ હજુ પણ ચાલી રહી છે. બોધગયામાં બ્લાસ્ટ કરવામાં આતંકવાદી શખસો તેમના બીજા પ્રયાસમાં સફળ થયા છે. વર્ષ ૨૦૧૨માં બોધગયામાં હુમલા કરવાના કાવતરાનો પર્દાફાશ થઈ ગયો હતો. ઝડપાઈ ગયેલા ઈન્ડિય મુજાહીદીનના શખસે હૈદરાબાદ અને બોધગયામાં હુમલા કરવાની યોજના અંગે પૂછપરછ દરમિયાન વાત કરી હતી પરંતુ આ સંબંધમાં સાવધાની રાખવામાં આવી ન હતી. બોધગયામાં ગઈકાલે થયેલા શ્રેણીબદ્ધ બ્લાસ્ટ કયા સંગઠન દ્વારા કરવામાં આવ્યા છે તેમાં ઊંડી તપાસ ચાલી રહી છે. હજુ સુધી કોઈ નક્કર બાબત સપાટી ઉપર આવી નથી પરંતુ એવું જાણવા મળ્યું છે કે ઈન્ડિયન મુજાહીદીન દ્વારા જ આ આતંકવાદી હુમલાને અંજામ આપવામાં આવ્યો હતો. ઈન્ડિયન મુજાહીદીન અગાઉ પણ આ પ્રકારના હુમલાઓને અંજામ આપી ચૂક્યો છે. ગઈકાલે બ્લાસ્ટ થયા બાદથી જ બિહાર સરકાર ઉપર દોષારોપણ કરવામાં આવી રહ્યા છે. હવે એક બાબતને સમર્થન મળ્યું છે કે ઈન્ડિયન મુજાહીદીનના ઝડપાયેલ શખસે વર્ષ ૨૦૧૨માં બોધગયા ઉપર હુમલો કરવા અંગેના કાવતરાની વાત કરી હતી. ઈન્ડિયન મુજાહીદીનના ઝડપાયેલા શખસોએ પૂછપરછ દરમિયાન કહ્યું હતું કે બ્લાસ્ટની યોજના ઘડી કાઢવામાં આવી છે. આ શખસોની કબૂલાતથી એક બાબત સાબિત થઈ ગઈ છે કે આમાં ઈન્ડિયન મુજાહીદીનના લોકોની જ સંડોવણી છે. મુંબઈ અને દિલ્હી સહિત અન્ય સ્થળો ઉપર હુમલા કરવાની પણ યોજના હોવાની વાતનો ઉલ્લેખ કર્યો હતો. ઓક્ટોબર ૨૦૧૨માં પૂછપરછ દરમિયાન દિલ્હી પોલીસના ખાસ સેલ દ્વારા પકડી પાડવામાં આવેલા ઈન્ડિયન મુજાહીદીનના આતંકવાદી સૈયદ મકબુલ, અસાબ ખાન, ઈરફાન અને ઈમરાન ખાને કહ્યુંહતું કે હૈદરાબાદમાં દિલસુખનગર અને બોધગયામાં બૌદ્ધમંદિરને ટાર્ગેટ બનાવવા પાકિસ્તાન સ્થિત આઈએમના સ્થાપક રિયાઝ ભટકલ તરફથી સૂચના મળી હતી. આ બંને જગ્યાઓએ બ્લાસ્ટ થઈ ચૂક્યા છે.